



# રાહે નજાત

## માસિક

AUGUST-2017 TOTAL PAGES 60 ₹. 10/-




સ્થાપક:



મર્હુમ હાજી ગુલામઅબ્બાસ
એમ. અમીરી

હક્કકી બાત તહેરીર કરનેવાલા ચલ બસા,
ઝહેરાસ.અ.તુમ્હારે લાલકા ગમખ્વાર ચલ બસા,
રગ રગમેં ઔર લહુમેં થે જીસ્કે બસે હુસૈનઅ.સ.
વો હક્ક પરસ્ત ઔર વફાદાર ચલ બસા.



બરાએ ઇસાલે સવાબ એક સુરએ ફાતેહા

**મર્હુમ કાઝીમહુસૈન હાજી ગુલામઅબ્બાસ અમીરી**

**(વફાત તા. ૩મી રમઝાન-૧૪૩૮ / ૩૦મી મે-૨૦૧૭)**

ત્થા **અમીરી** પરિવારના કુલ મર્હુમ મોઅમેનીન વલ
મોઅમેનાત ના રૂહના સવાબ અર્થે.


# રાહે નજાત

52 YEARS

માસિક

વર્ષ ૫૨ • માહે ઝિલ્હજ-૧૪૩૮ • ઓગસ્ટ-૨૦૧૭


## બુન્યાદી સરપરસ્ત



**મર્હુમ હાજી ગુલામઅબ્બાસ એમ. અમીરી**
**(વફાત તા. ૮મી શાબાન-૧૪૧૭)**
**(૯મી ડીસેમ્બર-૧૯૯૭)**

## માનદ તંત્રી



**મર્હુમ કાઝીમહુસૈન જી. અમીરી**
**(વફાત તા. ૩મી રમઝાન-૧૪૩૮)**
**(૩૦મી મે-૨૦૧૭)**


સહ તંત્રી : **મોહમ્મદરઝા જી. અમીરી**
મો : ૯૨૨૧૦૭૭૮૮૮

વ્યવસ્થાપક : **મોહમ્મદતકી જી. અમીરી**
મો : ૯૨૨૪૨૩૬૭૮૧


## વાર્ષિક લવાજમ

**ભારત રૂ. ૧૦૦/-**
**પરદેશ-સીમેલ ૮૦૦/-**
**પરદેશ-એરમેલ રૂ. ૧૫૦૦/**

E-Copy India 150/- Abroad Rs. 1200/-

## લાઇફ મેમ્બર શીપ

| | |
|---|---|
| ભારત | રૂા. ૩૦૦૦ |
| પાક-સીમેલ | રૂા. ૬૦૦૦ |

**પરદેશ એરમેલ**

| યુ. એસ. | કેનેડીયન | યુરો |
|---|---|---|
| ૬૦૦ડોલર | ૬૦૦ડોલર | ૪૦૦ |

## વાર્ષિક યાદગીરી ફંડ

ઉપરોક્ત ફંડના મેમ્બર થવા માટે એકજ વખત રૂા. ૫૦૦૦/- ભારત માટે અને વિદેશ માટે ૨૦૦ ડોલર ભરવાના રહેશે. આ ફંડના મેમ્બર પોતાના મરહુમોને દર વર્ષે મરહુમની વફાત ની તારીખના તે માસના રાહે નજાત ના અંકમા ફોટો સાથે યાદ કરી શકશે.

# હિજરી ૧૪૩૮ — માહે ઝિલ્હજ ૧૨

તા. ૨૪ મી ઓગટ-૨૦૧૭ થી તા. ૨૧ મી સપ્ટે-૨૦૧૭ સુધી

| ઝિલ હજ્જ | Aug. 2017 | વાર | નમાઝે સુબ્હ | સૂર્યોદય | નમાઝે ઝોહર | સૂર્યાસ્ત | નમાઝે મગરીબ | આ મહીનાનો ચાંદ જોઇને સૂરએ ફજ પઢવો બીજ ચાંદ દેખાય તે પ્રમાણે અમલ કરવું |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | 24 | ગુરૂ | ૫.૦૩ | ૬.૨૩ | ૧૨.૪૪ | ૬.૫૯ | ૭.૧૧ | **અકદે હ. અલી અ. અને જ. ફાતેમતુઝ ઝહરા સ.** |
| ૦૨ | 25 | શુક્ર | ૫.૦૩ | ૬.૨૩ | ૧૨.૪૪ | ૬.૫૮ | ૭.૧૦ | નિકાહ-સફર માટે નેક (જુમ્આ બાદ) |
| ૦૩ | 26 | શનિ | ૫.૦૪ | ૬.૨૪ | ૧૨.૪૪ | ૬.૫૮ | ૭.૧૦ | સફર માટે નેક |
| ૦૪ | 27 | રવિ | ૫.૦૪ | ૬.૨૪ | ૧૨.૪૩ | ૬.૫૭ | ૭.૦૯ | નિકાહ-સફર માટે નેક (●બપોર ના ૧-૩૦ થી. |
| ૦૫ | 28 | સોમ | ૫.૦૪ | ૬.૨૪ | ૧૨.૪૩ | ૬.૫૬ | ૭.૦૮ | **વફાત : હ. અબુઝરે ગફફારી (અ.સ.) (વિ●** |
| ૦૬ | 29 | મંગળ | ૫.૦૪ | ૬.૨૪ | ૧૨.૪૩ | ૬.૫૫ | ૭.૦૭ | વિંછુડો : (*રાત ના ૧-૫૨ સુધી. |
| ૦૭ | 30 | બુધ | ૫.૦૪ | ૬.૨૪ | ૧૨.૪૩ | ૬.૫૫ | ૭.૦૭ | **શહાદત : હ. ઇ. મોહમ્મદ બાકિર (અ.) (વિ*** |
| ૦૮ | 31 | ગુરૂ | ૫.૦૫ | ૬.૨૫ | ૧૨.૪૨ | ૬.૫૪ | ૭.૦૬ | **હ.ઇ. હુસૈન (અ.) કરબલા માટે મકકાથી રવાના થયા,** |
| ૦૯ | Sept. | શુક્ર | ૫.૦૫ | ૬.૨૫ | ૧૨.૪૨ | ૬.૫૩ | ૭.૦૫ | **શહાદત : હ. મુસ્લિમ ઇબ્ને અકીલ (અ.) અને જ. હાની બીન ઉરવાહ (અ.)** |
| ૧૦ | 02 | શનિ | ૫.૦૫ | ૬.૨૫ | ૧૨.૪૨ | ૬.૫૨ | ૭.૦૪ | **ઇદુઝ-ઝુહા (બકરી ઇદ)** |
| ૧૧ | 03 | રવિ | ૫.૦૫ | ૬.૨૫ | ૧૨.૪૧ | ૬.૫૧ | ૭.૦૩ | દરેક કામ માટે નેક (સફર સિવાય) |
| ૧૨ | 04 | સોમ | ૫.૦૫ | ૬.૨૫ | ૧૨.૪૧ | ૬.૫૦ | ૭.૦૨ | ઇલ્મ મેળવવાની શરૂઆત માટે નેક. |
| ૧૩ | 05 | મંગળ | ૫.૦૬ | ૬.૨૬ | ૧૨.૪૧ | ૬.૫૦ | ૭.૦૨ | હાજત તલબ કરવા માટે નેક |
| ૧૪ | 06 | બુધ | ૫.૦૬ | ૬.૨૬ | ૧૨.૪૦ | ૬.૪૯ | ૭.૦૧ | **મોઅજીઝએ રસુલે ખુદા (સ.) ચાંદ ના બે તુકડા થયા** |
| ૧૫ | 07 | ગુરૂ | ૫.૦૬ | ૬.૨૬ | ૧૨.૪૦ | ૬.૪૮ | ૭.૦૦ | **વિલાદત : હ. ઇ. અલી નકી (અ.)** |
| ૧૬ | 08 | શુક્ર | ૫.૦૬ | ૬.૨૬ | ૧૨.૪૦ | ૬.૪૭ | ૬.૫૯ | **શહાદત : જ. ઝયનબ (સ.અ.)** |
| ૧૭ | 09 | શનિ | ૫.૦૬ | ૬.૨૬ | ૧૨.૩૯ | ૬.૪૬ | ૬.૫૮ | સફર માટે નેક |
| ૧૮ | 10 | રવિ | ૫.૦૬ | ૬.૨૬ | ૧૨.૩૯ | ૬.૪૫ | ૬.૫૭ | **ઇદે ગદીર** |
| ૧૯ | 11 | સોમ | ૫.૦૭ | ૬.૨૭ | ૧૨.૩૯ | ૬.૪૫ | ૬.૫૭ | ઇલ્મ મેળવવાની શરૂઆત માટે નેક. |
| ૨૦ | 12 | મંગળ | ૫.૦૭ | ૬.૨૭ | ૧૨.૩૮ | ૬.૪૪ | ૬.૫૬ | હાજત તલબ કરવા માટે નેક |
| ૨૧ | 13 | બુધ | ૫.૦૭ | ૬.૨૭ | ૧૨.૩૮ | ૬.૪૩ | ૬.૫૫ | દવા પીવાની શરૂઆત માટે નેક |
| ૨૨ | 14 | ગુરૂ | ૫.૦૭ | ૬.૨૭ | ૧૨.૩૮ | ૬.૪૨ | ૬.૫૪ | બીજી રિવાયતથી **શહાદત : હ.મુસ્લિમ (અ.) ના ફરઝંદોની** |
| ૨૩ | 15 | શુક્ર | ૫.૦૭ | ૬.૨૭ | ૧૨.૩૭ | ૬.૪૧ | ૬.૫૩ | **શહાદત : હ.મુસ્લિમ (અ.) ના ફરઝંદોની** |
| ૨૪ | 16 | શનિ | ૫.૦૭ | ૬.૨૭ | ૧૨.૩૭ | ૬.૪૦ | ૬.૫૨ | **ઇદે મુબાહેલા** |
| ૨૫ | 17 | રવિ | ૫.૦૮ | ૬.૨૮ | ૧૨.૩૬ | ૬.૩૯ | ૬.૫૧ | મધયમ |
| ૨૬ | 18 | સોમ | ૫.૦૮ | ૬.૨૮ | ૧૨.૩૬ | ૬.૩૮ | ૬.૫૦ | ઇલ્મ મેળવવાની શરૂઆત માટે નેક. |
| ૨૭ | 19 | મંગળ | ૫.૦૮ | ૬.૨૮ | ૧૨.૩૬ | ૬.૩૭ | ૬.૪૯ | હાજત તલબ કરવા માટે નેક |
| ૨૮ | 20 | બુધ | ૫.૦૮ | ૬.૨૮ | ૧૨.૩૫ | ૬.૩૭ | ૬.૪૯ | નિકાહ-સફર માટે મકરૂહ, |
| ૨૯ | 21 | ગુરૂ | ૫.૦૮ | ૬.૨૮ | ૧૨.૩૫ | ૬.૩૬ | ૬.૪૮ | નિકાહ-સફર માટે મકરૂહ, **ચાંદરાત.** |

**This page is Donated By :**

**BLACK DIAMOND** TRADELINK PVT. LTD.

**[IMPORTERS, EXPORTERS, & COAL MERCHANTS,]**

OFFICE : **403/404, 4th Floor, Maharanapratap Complex, opp. Ellisbridge Post Office, Nr. V.S. Hospital, Ellisbridge, Ahmedabad-380006. (INDIA)**

**Phone : 079-65129460, 079-66058661 9824650681-9898324785**

**Fax : 079-26575975 Email : blackdiamondtrading@ymail.com**



# નવ-રત્નોથી ચડીયાતા ઇલ્મના ગૌહરો આપનારા કાઝીમહુસૈન અમીરીની અચાનક આલમે-બકાની કુચ.....

કુટિલ લોકો ઇમાનદારીની આડમાં મઝહબે ઇસ્લામને નુકશાન પહોચાડી રહ્યા છે અને દીનને લાવનારા પૈયગમ્બરો/નબીઓ/રસુલો/ ઇમામો અને એના પર અકિદા/મોહબ્બત રાખનારાઓ પર અજીબો-ગરીબ રીતે મુસીબતોના પહાળો લાદી રહ્યા છે **ત્યારે બચાવમાં આપણે શું કરી રહ્યા છીએ ? અને આપણે કરી પણ શું શકીએ છીએ ?**

દીન ના ઉસુલોને/દીનના અકિદાઓમાં જાત-જાતના તર્ક-વિતર્ક ઉભા કરી/બનાવીને દીનદાર લોકોને ભરમાવનારાઓથી કયો ખુણો ખાલી અને ખુલ્લો છે ? ઇમાનદારી/ધર્મને હથિયાર બનાવીને છેતરપીડી કરનારા સમાજમાં આજેય કયાં નથી ? દીનથી ગુમરાહ કરનારાઓ/દીન પર વાર કરનારાઓ/દીનને ઠેસ પહોંચાડનારાઓ આજેય કયાં નથી ?

ગુમરાહીની દિવાલોને તોડવા માટે **ઇલ્મના હથોડા જોઇએ** જહાલતો/જાહીલોને પડકારવા/લલકારવા **દલીલો/સબુત** જોઇએ. ઇસ્લામને હાની/નુકશાન પહોચાડનારાઓની શાન ઠેકાણે લાવવા માટે **સાહિત્ય જોઇએ સ્પીચ જોઇએ લેખન જોઇએ લલકાર અને પડકાર જોઇએ.**

**રાહેનજાત** સતત અડધી સદીથી વધુ આવા લલકારો/ પડકારો/ દલીલો/સબુતો વખતો વખત રજુ કરી ઇસ્લામના અને એહલેબૈત અ.સ.ના ચાહનારાઓના અકિદા/મોહબ્બતોને દ્રઢ કરતું રહ્યુ છે અને આ નેક-મંઝીલને

With Best Compliments From
THIS PAGE IS SPONSOR BY
S.H. K.
MUMBAI

કંડારવા **રાહેનજાતના આધસ્થાપક મરહુમ હાજીગુલામઅબ્બાસ ભાઇ અમીરી**નો સિંહફાળો રહ્યો છે તેઓએ પોતાની હયાતીની આખરી ઘડી સુધી રાહેનજાતના વૃક્ષને સીચન કર્યુ તેમના પછી અમારા ભાઇ **કાઝીમ હુસૈને રાહેનજાતને હરીયાળી આપવા કમર કશી** અનેક-પડકારો-લલકારો-આર્થિક કટોકટીઓનો બાખુબી સામનો કરી તેમણે **રાહેનજાતના હિદાયત રૂપી ઝરણાને સ્વચ્છ રાખ્યું**. ઇસ્લામિક તરીખો કુરઆનની રોશની આરોગ્ય વિભાગની અવનવી સામગ્રીઓ અને જાફરી જગતને ધમ-ધમતું રાખી વાંચકોના રસને જાળવી રાખવામાં **કાઝીમહુસૈન**એ પોતાના બાહોશ અનુભવોને કંડારી દીધો હતો.

ઇસ્લામિક સાહિત્યમાંથી અમુલ્ય વીરાસત જેવા લખાણોને ખુબ જ ખંત અને ઉત્સાહથી પ્રસિધ્ધ કરી સમાજને નવ-રત્નોથી ચડીયાતા ઇલ્મના ગૌહરો આપનારા **કાઝીમહુસૈન અમીરી અચાનક આલમે બકાની કુચ કરી ગયા. અમીરી પરિવાર સત્બ્ધ બની ગયો.. ચાહનારાઓને/શુભેચ્છકોને આંચકો લાગ્યો.. કુટુંબીજનો/પરિવારજનો ગહેરા સદમામાં ગરકાઇ ગયો.. રાહેનજાતના વાંચકો સુન-મુન બની ગયા.. ભાઇઓની આંખોમાં અંધારાઓએ દોરા નાખ્યા.. નાની વયે આમ અચાનક અવસાનથી સરીકે હયાત ભંગી પડી. રોઇ પડી.. તેણીનું આક્રંદ વધુ ઘેરૂ અને દર્દનાક બન્યું.. કોણ-કોને દીલાશો આપે..? કોણ કોને ખંભો આપે..? દુ:ખોની/ગમોની વરસાદમાં સહુ ભીજાય રહ્યા હતા.. દારના મોભીની વિદાય દારના સ્વજનો માટે ચીરકાળ વિરહ બની ગઇ.**

મસલેહતે ઇલાહી સબ્રની ઢાલ બનાવી લેવા સીવાય છુટકો જ ન હતો. હમદર્દોના આશ્વાસનો સબ્રના/સુકુનના સહાયક બની ગયા.

આજે કાઝીમહુસૈન હાજી ગુલામઅબ્બાસ અમીરી આપણી વચ્ચે નથી પરંતું **રાહેનજાતના પરીમલ અત્તરથી હંમેશા તેઓ સોડમં પ્રસારી યાદ આવતા રહેશે**.

રાહેનજાતના વાચકો મરહુમ કાઝીમહુસૈન હાજી ગુલામઅબ્બાસ અમીરી ના રૂહના ઇસાલે સવાબ અર્થે સુરે ફાતેહા પઢી બક્ષી આપવા વિનંતી.

# Hajj & Ziyarat PACKAGES 2017

## HAJJ-E-BAITULLAH 2017



Rs. 3,30,000/- Only

Depature: 14th August 2017
Duration: 24 Days



Under the Guidance of : Hujjatul Islam Wal Muslemeen Maulana Syed Rooh-e-Zafar & Maulana Mukhtar Bhojani

### Mahe Shawwal and Mahe Zilqad

Mahe Shawwal

| | | |
|---|---|---|
| IRAN, IRAQ | 11th July To 27th July | Rs. 1,10,000/- |

Mahe Shawwal & Mahe Zilqad

| | | |
|---|---|---|
| IRAQ | 17th July To 27th July | Rs. 80,000/- |
| IRAQ, IRAN | 21th July To 10th Aug | Rs. 62,000/- |

One Way By Road (Miladat of [illegible] Imam (a.s.) in Mashhad.)

Mahe Zilqad

| | | |
|---|---|---|
| IRAN | 1st Aug To 11st Aug | Rs. 46,000/- |

Miladat of [illegible] Imam (a.s.) in Mashhad.

### Arfah in Karbala & Eid-E-Ghadeer in Najaf

Mahe Zilhajj

| | | |
|---|---|---|
| IRAQ, IRAN | 29th Aug to 20th Sept | Rs. 85,000/- |
| | One Way By Road | |
| IRAQ, IRAN | 29th Aug to 20th Sept | Rs. 93,000/- |
| | By Flight | |
| IRAQ | 29th Aug to 11th Sept | Rs. 78,000/- |
| IRAQ | 29th Aug to 11th Sept | Rs. 1,06,000/- |

### Ashura in Karbala

Mahe Moharram

| | | |
|---|---|---|
| IRAQ, IRAN | 23rd Sept to 13th Oct | Rs. 77,000/- |
| | One Way By Road | |
| IRAQ, IRAN | 23rd Sept to 13th Oct | Rs. 85,000/- |
| | By Flight | |
| IRAQ, IRAN | 23rd Sept to 13th Oct | Rs. 1,20,000/- |
| IRAQ | 23rd Sept to 5th Oct | Rs. 65,000/- |
| IRAQ | 23rd Sept to 5th Oct | Rs. 86,000/- |

### Arbaeen in Karbala

| | | |
|---|---|---|
| IRAQ | 31st Oct to 14th Nov | Rs. 1,20,786/- |

For Only Iraq Group Other Packages Are Also Available

| | |
|---|---|
| IRAN, IRAQ | 31st Oct to 21st Nov |



**Spiritual Guides:**
**Maulana Sibte Mohd Rizvi Saheb Mashadi**
**Maulana Mukhtar Bhojani**



Limited Seats Only. First Come First Serve Basis. (until quota is full)
Zaereen Are Requested To Submit Passport Before One Month Of Departure.
All The Above Package Rates Are For Indian Passports, And From Mumbai Airport To Mumbai Airport.

# AL MUJTABA
## المجتبیٰ ٹورس Tours

Organiser of Hajj, Umrah & Ziyarat

Shop No 2, 80/84 Shaida Marg, Dongri, Mumbai - 400 009. - India

Email : almujtabatours@gmail.com \ Youtube / Facebook : Al Mujtaba Tours \ Web.: www.almujtabatours.com

Kumail Alamdarali Shariff : +91 8097300526, Mukhtar A. Bhojani : +91 9920402097
Mohsinali M. Shariff : +91 9769822782, Razaali S. Lakhani : +91 9270513616
Aun Abbas R. Lakhani +91 8698321786, Office No : +91 22 23450712



# ખુદાયા ! મરહુમ કાઝીમહુસૈન અમીરીની મગફેરત કર....

-મીમ અલીફ મુંબઇ **mimalif110@gmail.com**

સાચા/સારા અને સમજદાર લોકોને છેતરવા/ગુમરાહ કરવા માટે **તુચ્છ માનસિકતાના લોકો** જયારે ઇમાનદારીનો/ધર્મનો આશરો લે છે ત્યારે ત્યાં મોટી નુકશાનીની સંભાવના રહેલી હોય છે ઇસ્લામની તવારીખો આવી હાની/નુકશાનીથી ભરી/ઉભરી છે હક્કને બાતીલ તરફ લઇ જતી ચાલાકી/છેતરપીડી લોકોને એવી ગુમરાહ કરી મુકી કે દીનની બુનિયાદ અને દીનના ઉસુલોને ખંડીત કરવા ઉછળી/ઉલળી પડયા છે.

રાહેનજાતના માનદ તંત્રી જ. કાઝીમહુસૈન અમીરી વખતો-વખત પોતાની આગવી સુઝ/ત્વરીતતાથી સમાજમા પ્રસરી રહેલી આવી અનેક અનિષ્ટતાઓને દુર કરવા માટે અલગ-અલગ વિષયો પર રાહેનજાત માસિકમાં તંત્રી લેખો લખી સમાજને ચેતવતા હતા. **રાહેનજાત ઇસ્લામિક સાહિત્યની વહેતી સરીતા હતી જેના પવિત્ર અને તટસ્થ ઇલ્મી-લખાણીથી લોકો શૈરાબ થતા.**

મઝહબે ઇસ્લામને પોતાની જ **ગુજરાતી-માતૃ ભાષા**માં સમજાવનારા સાહિત્યકાર વિરલાઓની સમાજમાં **આંમેય ખોટ હતી ત્યાંતો** દિલને આંચકો લાગે અને ધ્રુજારી છુટે એવા સમાચાર જાણીને હું પણ ગહેરા-આઘાતમાં સરકી ગયો હતો, હિંમત ટુટી ગઇ હતી દીલની ધડકનો તેજ હતી આંખોએ આંસુઓની ધારાઓ વહાવી મુકી હતી જબાન ખામોશ તો ચહેરા પર ગમની ગમગીની છવાય ગઇ હતી.

ક્યારેક દુઃખ/આઘાત/સદમો ઇન્શાનની આંખમાં મૌન બની થીજી જતુ હોય છે આઘાત આપણાને અંદરથી તોડી નાખે છે છીન્નભીન્ન કરી નાખે છે બધુ જ ખોઇ નાખ્યા પછી ઇન્શાન સ્તબ્ધ થઇ જતો હોય મારો હમદર્દ મારો જાનીશાર સાથી મારો દોસ્ત રીઝવાનુલ જન્નત તરફ આગળ વધી રહ્યો છે ત્યારે દુઆ કરૂ છું ખુદાવંદે કરીમ તું ગફુરૂર-રહીમ છો **મરહુમ કાઝીમહુસૈન અમીરીની મગફેરત કર અને તેમના હદયજનોને આ સદમામાં સબ્ર આપ. મારો-પરિવાર અમીરી પરિવારના ગમમાં શરીક છે. ખુદાવંદે કરીમ સબ્રો જમીલ અતા કરે આમીન!!**

---



-ડૉ. એસ. એસ. વરતેજી, (ભાવનગર).

# આરોગ્યનું અલપ ઝલપ

**ખોટી માન્યતા** : લોહીનો ગળફો અથવા લોહીવાળો ગળફો નીકળે તો ક્ષય ટી.બી. નો જ રોગ હોય આ માન્યતા ખોટી છે અલબત ! ક્ષય રોગ ફેફસાનો માં લોહીવાળો ગળફો અથવા કફ એ અગત્યની નિશાની છે પરંતુ ફેફસાનાં ક્ષય સિવાય ફેફસાનાં ત્થા અન્ય એમ કુલ દોઢેક ડઝન રોગમાં પણ લોહીવાળો કફ કે ગળફો નીકળે છે માટે લોહીવાળો ગળફો નીકળે ત્યારે ગભરાય ન જતા પુરૂ નિદાન કરાવી લેવું. શ્વાસનળીના સામાન્ય સોજા કે ન્યુમોનિયામાં પણ કફમાં લોહી નીકળી શકે એથી ઉલ્ટુ ફેફસાનાં કેન્સર જેવા ભંયકર વ્યાધી પણ આમ બની શકે.


**ટી.બી. વારસાગત રોગ છે** એ માન્યતા ખોટી છે અલબત! ટી.બી. ચેપી રોગ હોવાથી મા-બાપ ખાસ કરીને માં નો ટી.બી. નો ચેપ બાળક ને લાગવાથી બાળકને રોગ લાગુ પડી શકે છે. પરંતુ તે વારસાગત તો નથી જ

**કેન્સર વારસાગત કે ચેપી છે** આ માન્યતા પણ ખોટી

છે અપવાદ રૂપ કોઇ વાર કેન્સર વારસામાં જોવા મળે છે તે વાત બાદ કરતા તે વારસાગત નથી અને ચેપી પણ નથી

**કમળામાં દુધ પીવાથી નુકશાન થાય** આ માન્યતા પણ ખોટી છે અલબત ! દુધ ગરમ કરીને ઉપરની મલાઇ કે તર કાઢીને કમળાનાં દર્દીને આવું પાતળું દુધ આપી શકાય. તેનાથી બિલકુલ નુકશાન થતુ નથી.

**તાવમાં દુધ ન અપાય** આ પણ સાચું નથી ઉપર મુજબ મલાઇ કાઢેલું સહેલાઇથી પચી જાય તેવું દુધ આપી શકાય.



**વાર્ષિક યાદગીરી ફંડ**

**મર્હુમા ફાતમાબાઇ બિન્તે કાસમઅલી વીજપડીવાળા (હાલ : કરાંચી-પાકિસ્તાન) તે મર્હુમ જ. મોહમ્મદઅલી વેલજી પટેલ ની મોહરદાર**

**વફાત : તા. ૩-૮-૧૯૯૭ ૨૯મી રબી. અવ્વલ-૧૪૧૮ હીજરી**

મર્હુમની રૂહના સવાબ અર્થે તેમના નવાસા **જ. હાજી ફીરોઝભાઇ અકબરઅલી ઝવેર લીલાણી** મલાડવાળા **'વાર્ષિક યાદગીરી ફંડ'** ના સભ્ય બનેલ છે જે માટે **'રાહેનજાત માસિક'** તેમનો આભાર માને છે અને વાંચકોને વિનંતી કરે છે કે, મર્હુમને એક સુરએ ફાતેહા પડી બક્ષી આપે

*This Page Sponser by :*

*With Best Compliments From*

**IMTIAZ CONTRACTOR**
MANAGING DIRECTOR

CONTRACTOR TRADING CO. (LLC)

*IMPORTER-EXPORTER OF PARAFIN WAX, FATTY ACID, SKIN, FURNACE OIL, WASTE OIL, TRANSFORMER OIL, MEDICINE & METALS.*


*IMPORT-EXPORT INQUIRY SOLICITED*

P.O.Box 19178, DUBAI. (U.A.E.)

Tel : 971 4 2227837 Mobile : 0097150-6526807

Fax : 9714 2220916 / 2278167 email : cte@emirates.net.ae

# વાર્ષિક યાદગીરી ફંડ



## મર્હુમ અલ્હાજ યુસુફઅલી મહંમદભાઇ ડોસાણી

**વફાત : ૧૨-૦૭-૨૦૧૭ ૧૦ શાબાન-૧૪૩૨**

મર્હુમની રૂહના સવાબ અર્થે તેમના ફરઝંદ અલ્હાજ અમીરઅલીભાઇ યુસુફઅલી ડોસાણી **'વાર્ષિક યાદગીરી ફંડ'** ના સભ્ય બનેલ છે જે માટે **'રાહેનજાત માસિક'** તેમનો આભાર માને છે અને વાંચકોને વિનંતી કરે છે કે, મર્હુમને એક સુરએ ફાતેહા પડી બક્ષી આપે

# વાર્ષિક યાદગીરી ફંડ



## મર્હુમ અસલમ રમઝાનઅલી લધાની

**વફાત : ૧૪મી શવ્વાલ હિજરી-૧૪૨૯**

**૨૭મી ઓકટોબર-૨૦૦૮**

મર્હુમની રૂહના સવાબ અર્થે તેમના અહેલીયા શહેનાઝબેન અસલમ લધાની**'વાર્ષિક યાદગીરી ફંડ'** ના સભ્ય બનેલ છે જે માટે **'રાહેનજાત માસિક'** તેમનો આભાર માને છે અને વાંચકોને વિનંતી કરે છે કે, મર્હુમને એક સુરએ ફાતેહા પડી બક્ષી આપે

**This Page Is Sponsared By :**

# WELL WISHER

# રહેમાને પોતાના આંગણાનેં શોભા કરવા ચાહ્યુ અને....

-હૈદરઅલી હસનઅલી ઢેબર માલીયા-મિંયાણા



કહે છે કે સંબંધમાં શંકાનું નહી શ્રધ્ધાનું મહત્વ હોય છે. સંબંધમાં બુધ્ધિનું નહી હૃદયનું શાસન ચાલે તે સંબંધ જીતે છે જીવે છે. ઝલકે છે મલકે છે અને જે પોતાની ખુવારીને ભોગે પણ અણીને સમયે સંબંધીને પડખે ઉભો રહે છે તે જ સાચો સંબંધી કહેવાય છે.

ઘણા દાયકાઓ પુર્વે મારા નાના-બાપા મરહુમ હબીબભાઇ વાલજી-કંપાલા તેમના ગાઢ મિત્ર મરહુમ ગુલામઅબ્બાસભાઇ અમીરી-મુંબઇ સાથે નવલખી-ગામ માટે ના કામ-કાજે માલીયા-મિંયાણામાં મારા ઘરે મહેમાન થયેલ હતા ત્યારે તેઓની સાથે મરહુમ ગુલામઅબ્બાસભાઇ અમીરીના નેક ફરજંદ કાઝીમહુસૈનભાઇ પણ આવેલ.

કાઝીમહુસૈનભાઇના વિનયશીલતા.. વિવેકશીલતાના નેક-ગુણોએ મને અને મારા બાપા મરહુમ હસનઅલી અલીભાઇ ઢેબરને પણ આકર્ષિત કરી દીધેલ. આગામ-ચેતી/ દિર્ઘ-દ્રષ્ટિ તેઓની વાતોમાં છલકતી ત્યારે અમો આભા બની તેઓને જોતા જ રહેતા. અને અંતે અમારા દીલમાં તેઓએ એક અનોખુ સ્થાન હાંસીલ કરેલ. તે ઘડી અને આજ સુધી અમો તેઓથી જોડાયેલા રહ્યા હૃદયના શાશને અમારા અને તેઓની વચ્ચેના સંબંધો આજ સુધી જીવી રહ્યા.. જીતી રહ્યા.. મલકી રહ્યા.. મહેકી રહ્યા.. પરંતુ તેમની અણધારી વિદાયથી અમારા હૃદયાકાશમાં અંધારૂ છવાય ગયુ..

મરહુમ કાઝીમહુસૈન અમીરી પોતાની ખુવારીને ભોગે પણ અણીને સમયે સંબંધીને પડખે ઉભા રહેનાર એક બહાદુર વીર હતા.

વિરત્વતાને શોભે એવી કાઝીમહુસૈનભાઇની જીદગીને રહેમાને પોતાના આંગણાંમાં શોભા કરવા ચાહ્યુ અને રહેમાને કાઝીમહુસૈનને પોતાની રહેમતના આંચળમાં સમાવી લીધો. હું અને મારો પરિવાર અમીરી પરિવારને દીલાસો આપી દુઆ કરે છે કે બારે-ઇલાહા ! બંધ કફનમાં દફન થયેલ મારા સંબંધી-મીત્ર મરહુમ કાઝીમહુસૈન અમીરીને જન્નતમાં આલા દરજજાત ઇનાયત કર..!!

**Imam Raza (as)**

Sadqa do chaahe thodi hi cheez se, is liye ke Khuda ke liye thodi si cheez bhi agar sachchi niyyat se ho to azeem hai.

**(Guftare Dile Nasheen P. 197)**

In loving Memory of



Haji Mohammed Raza Pyarali Shroff
Haji Pyarali Nazarali Shroff
Hajyani Gulbanubai N. Gandhi
Onali Pyarali Shroff
Turabhussain Fidahussain Merchant
& all Marhomeens of Shroff family

*Sponserd by :*

*Haji Ali Akbar Mohammed Raza Shroff*

# મ.કાઝીમહુસૈનની સ્મ્રુતિ સદાય રોશનમ્ય રહેશે.

-હાજી રમઝાનઅલી જી દામાણી ભુજ-કચ્છ



કહે છે ને કે આપણી દ્રષ્ટિ બદલાય તો આપણુ જીવન આના જેવુ કે તેના જેવું નહિં પરંતું જીવન જેવું જીવન બની જાય.

કાઝીમહુસૈન અમીરી એ સમાજ કાજે ન્યોછાવર થવા અને સેરાતલ મુસ્તકીમ પર ચાલવા/ચલાવવા પોતાની સુઝ-દ્રષ્ટિને રાહેનજાત-માસિક તરફ માંડી લીધી. અને પછી તો જીવનને ગૌરવવંતુ / જીવનનાં મહત્વનું સમજ આપતું આ માસિક ઇલ્મ-હિલ્મના નેક-લાભોથી સમાજમાં વહેતું રહ્યું શુધ્ધ અને સરળ ગુજરાતી ભાષાઓમાં ઇસ્લામિક ત્થા સામાજીક અવનવા લેખો સમાજ સમક્ષ પેશ થતા રહ્યા અને સમીક્ષાઓ/નતિજાઓ/મંતવ્યો/ઉલ્લેખો કરી-કરીને ઇલ્મની સરીતાઓને છલકાવતા રહયા.

અફસોસ, આજે કાઝીમહુસૈન અમીરી આપણી સમક્ષ ન રહ્યા. કેમ જાણે ઇન્શાનને સ્મરણનું વરદાન મળયુ છે કે ઇન્શાન જાય છે તોય પણ સ્મ્રુતિ શેષ રહી જ જાય છે હજીયે પણ આખા શીઆ-સમાજ પર કાઝીમહુસૈનની મુનવ્વર સ્મ્રુતિ સદાય રોશનમ્ય રહેશે.

ખુદાવંદે કરીમ પાસે દુઆ કરે છે કે કાઝીમહુસૈનની દીને-ઇસ્લામની દરેક અમુલ્ય સેવાઓને મકબુલ કરે અને અજીમ સવાબ અતા કરે.

કાઝીમહુસૈનના અવસાનથી દામાણી પરિવાર શોકાગ્રસ્ત છે અને મસહલતે ઇલાહી પર સબ્રો-દુઆ કરે છે.


## ભાવનગર હૌઝા માં દાખલો ચાલુ છે

જ. ઉમ્મે કુલસુમ તાલીમ કેન્દ્ર દ્વારા જામેતુલ મુસ્તુફા કુમ (ઇરાન) ના સહયોગથી ચાલતા અમારા હૈઝા ને બે વર્ષ પુરા કરી ત્રીજા વર્ષમાં પ્રવેશ કરેલ છે. નવા એડમીન ચાલુ થઇ ગયેલ છે. ધો. ૧૦ થી ૧૨ પાસને એડમીશન આપવામાં આવશે.

વધુ વિગત માટે નિચે મુજબના સરનામે સર્પક સાધો :

**જ. ઉમ્મે કુલસુમ તાલીમ કેન્દ્ર**

બાપુ મહેતાની શૈરી, ખોજા વાડ, આંબા ચોક, ભાવનગર ગુજરાત.

# ACTIVITIES OF
# KHOJA SHIA ISNAASHRI JAMAAT MUMBAI

## Monetary & Material help to Deserving Members, & Widows, of Jamaat

**From 1st April 2014 to 31st January 2016**

| | |
|---|---|
| Hajatmand fund Help to widows & food grain to deserving | 1450250/- |
| Medical Aid Madicine bill & Life Saving Operations | 2939425/- |
| Education Fund<br>[From K.G. / Higher Secondary upto Post Graduation] | 4015346/- |
| Mediclaim Premium of Members Approx 400 Members | 320062/- |
| Abbasi Orphanage | 874127/- |
| Inverter to Members at Mumbra/Vasai/Virar/Palghar | 55500/- |
| Sewing Machine to Members | 15900/- |
| Kanyadaan Fund Help for wedding<br>to Jamaat members daughters | 15000/- |
| Unnati Fund Loan to Members of<br>Jamaat for small scale business | 2505000/- |
| **Total** | **12190610** |

**Free Ladies Computer Class for All Muslims Conducted by Jamaat**

At present we have on our list 165 Widows
& Jamaat yearly Budget Rs. 1-Crore

***Donors & Members***

**can deposit the amount directly into the**
**Bank through Cheque Deposit / Online Transfer in the Name of**
**Khoja Shia Ishnaashari Jamaat**
**F.C.R. No. 083781054**
**Bank of Baroda, Mandvi Branch, Mumbai-3. S.B. A/c. No. 04030100004571**
**Development Credit Bank, Main Office Branch, Account Number : 00110200000110**

For Detals Contacat

# KHOJA SHIA ISNAASHRI JAMAAT

66/70, Hazrat Abbas (A.S.) Street, Hazrat Imam Husain (a.s.) Chowk,
Mumbai - 400 009, INDIA. Telephone : + 91- 22 - 2343 3473 / 2343 8317
Fax : + 91- 22 - 2343 3046 Email : info@ksijamat.org Website : www.ksijamat.org

In loving Memory of

# Shabbirali Abdul Husien Virani

Date of Birth
10th December
1947



Date of Death
16th Safar Hijri 1407
31st October 1986

Kindly Recite Sura-e-Fateha

*With Best Compliment From*

***Abbas Virani***
Director
9702567786

**SMARTRADE**

Stock Broking Pvt. Ltd.

**NSE, BSE, NCDX & MCX**

Shop No. B/22 Mangal Orchid, Opp. D-Mart, Yari Road,
Versova, Andheri (W) Mumbai - 400 061. Tel : 32266000

# અલી ધી મેગનીફીસેન્ટ (તરજુમો)

અંગ્રેજી સંકલન : મર્હુમ યુસુફ એન. લાલજી
ગુજરાતી તરજુમો : મહંમદહુસૈન જે મચન્ટ

(ગતાંક થી ચાલુ)

## પ્રકરણ ૧૯-મું

### હ.અલી અ.સ.ના સાહસ સંકેત

હ.અલી અ.સ.ની શેર દિલી જે યુધ્ધના મેદાનમાં વ્યકત થઇ હતી તે તેમની બીજા અવસર પરની નમ્રતાથી અલગ હતી પણ એ યાદ રાખવાની જરૂર છે કે અલી અ.સ. એક વાર દુશ્મનના બે કટકા કરી નાખતા તે છતા સાહસીક ગુણોથી કયારે પણ અલગ થતા ન હતા. આ જ સાહસ સંકેત તેમણે પોતાના ફરજંદ મોહમંદ ઇબ્ને હનફિયાને જંગે સિફ્ફિનમાં અલમ સોંપતી વખતે બહું જ ટુંકમાં શિખવ્યા જે નિચે લખ્યા પ્રમાણે છે...

અય મારા ફરજંદ ! જે સ્થાન ઉભા રહેવા માટે યુધ્ધના મેદાનમાં આવે તેના પર મજબુત રીતે ખોડાઇ જાવ. પહાડોને ચલીત થવા દો પણ તમારા કદમ જગ્યા પર થી ન હલવા જોઇએ. કદમોને એ જગ્યા પર એવી રીતે જડો જાણે કે તેના પર ખીલા ખોડયા હોય. દુશ્મનની છેલ્લી પંક્તિ-લાઇન પર નજર રાખો મેદાને જંગમાં એવી રીતે દાખલ થાવ કે મજબુત ઇરાદાથી અલ્લાહ સુ.ત.ની રાહમાં લડી રહ્યા છો પોતાનો હાથ બિમાર સ્ત્રીઓ જઇફો અને બાળકો પર ન ઉગામો. ભલે પછી તમોને ગાળો કેમ ન દે. તમારા લાયક કામ એ છે કે તેમને શરણ આપી મદદ કરો. દુશ્મનોની લાશોને ખરાબ ન કરો. બલ્કે તેમની લાશોને પણ સારી રીતે દફન કરો.

હ.અલી અ.સ. દ્રંદ્રમાં એ જ નિયમ પાળતા હતા. એક દ્રંદ્રમાં હ.અલી અ.સ. પોતાના વિરોધી અમ્રને જમીન પર પટકયો અને તલવાર ખેંચી માથુ કાપી નાખવાની અણી પર જ હતા કે દુશ્મને હઝરતના ચહેરા તરફ પોતાનું થુંક ફેંકયું હ.અલી અ.સ. તેના પર થી ઉતરી ગયા અને તલવારને મ્યાનમાં નાખી દીધી તેમને પુછવામાં આવ્યું કે આપે આવા ભયાનક દુશ્મનને શા માટે જતો કર્યો

E-COPY GENERATE BY : PRIMO GRAPHICS (MUMBAI) +91-8097362110

જવાબમાં આપે ફરમાવ્યુ કે મેં અમ્રને કત્લ કર્યો હોત તો એ કામ અલ્લાહ સુ.ત.ની રાહમાં કર્યુ ગણાય પણ જયારે મારી તરફ થુંકયો ત્યારે મને ગુસ્સો આવ્યો અને તેને કત્લ કરવાનો અર્થ પોતાના થયેલા અપમાનનો બદલામાં થાત ન કે અલ્લાહ સુ.ત.ની રાહમાં જેહાદ ગણાત.

## હ.અલી અ.સ.ની મહાનતા

મુસ્લીમ જગતના આલીમોનો એક મત છે કે હ.રસુલ સ.અ. ના અસહાબમાં હ.અલી અ.સ.ના જેટલા ફઝાએલ કુરઆનમાં છે તેટ્લા કોઇ પણ સહાબીના નથી અને તેમજ હ.અલી અ.સ. વિષે જેટલા ફઝાએલ હદીસોમાં બયાન થયા છે તેટલા કોઇના પણ બયાન થયા નથી. અહેમદ બિન હમ્બલનું કહેવું છે જેટલા ગુણોનું વર્ણન અમારા સુધી પંયગંમ્બર થકી હ.અલી અ.સ.નું આવ્યું છે તેટલું વર્ણન કોઇ પણ સહાબીનું નથી આવ્યું હ.અલી અ.સ.ના કુરઆન અને અલ્લાહ સુ.ત. રસુલ સ.અ. થકી એટલા બધા ફઝાએલ બયાન થયા છે જેથી બની ઉમય્યાઓ તેમની ઇર્ષા કરતા હતા અને તેઓ હ.અલી અ.સ.ના દુશ્મન બન્યા, હ.અલી અ.સ. અલ્લાહ સુ.ત.ના રસુલ સ.અ.ની નઝદીક વિશેષ આત્મવિશ્વાસનું સ્થાન ધરાવતા હતા એ તમામ લોકોમાં જાહેર હતું.

હ.અલી અ.સ.ના ફઝાએલો જે રસુલ સ.અ. એ જણાવેલ તે બધા શિયા-સુન્ની કિતાબોમાં મૌજુદ છે અલ્લામા ઇબ્ને અબીલ હદીદ અલ-મુતઝલીથી બ્યાન થયેલું છે કે અલ્લાહ સુ.ત.ના રસુલ સ.અ. ની વફાત પછી હ.અલી અ.સ. પોતાનો સમય ઇબાદત અને રોજા રાખી ખામોશીથી ગુજારતા હતા. હ.અલી અ.સ. બહાદુર મજબુત તે છતા માફી આપનાર અને નિષ્પક્ષ અને મઝહબી હતા. તેમના ઝમાનામાં પવિત્ર કિતાબ કુરઆન અને અરબી ભાષાના ઉચ્ચ-કોટીના આલિમ હતા. પુર્વ અને પશ્ચિમથી અફાટ ઇલ્મના ઝરણા સમાન હ. અલી અ.સ. પાસે પોતાની ઇલ્મની પ્યાસ બુઝાવવા તેમના તરફ આવતા.

# હ.અલી અ.સ.એ ભાગ-ભજવ્યો મેરાજમાં..

હ.અલી અ.સ.નું ઉચ્ચતમ વર્ણન મેરાજમાં જેમા અલ્લાહ સુ.ત. ના રસુલ સ.અ.ને અલ્લાહતાલાહે અર્ષ પર બોલાવ્યા જેનું વર્ણન સુરએ બની ઇસરાઇલ સુરાન.17 ની પહેલી આયત જેમા અલ્લાહતઆલા ફરમાવે છે કે પાક તે જ ખુદા છે કે જે રાત્રે પોતાના બંદાને મસ્જીદુલ હરામથી મસ્જીદુલ અકસા તરફ લઇ ગયો કે જેની આસપાસની જગ્યાને અમે બરકત આપી છે એટલા માટે કે અમો તેની અમારી નિશાનીઓ બતાવીએ ખરેખર ખુદા સાંભળનાર અને જોનાર છે.

અલ્લામા મજલીસીની કિતાબ હયાતુલ-કુલુબની બીજી જીલ્દ જેનું અંગ્રેજીમાં ભાંષાંતર લાઇફ એન્ડ રીલીજન ઓફ મોહંમદ અનુવાદક રેવ..જેમ્સ.એલ.મેરીક પાના ન.190માં ઉલ્લેખ છે કે બન્ને શીયા-સુન્ની પંથનું માનવું છે કે આપને મેરાજ જીસ્મ સાથે થઇ અને ન કે ફકત રૂહની મતલબ હઝરત શારીરીક રીતે અર્ષ પર ગયા હતા. અને તે પણ જાગ્રુત અને હોંશમાં નહિ કે નિંદ્રામાં એ વિષયે શીયા આલિમોમાં કોઇપણ મતભેદ નથી. મેરાજ જીસ્માની હતી કે ફકત રૂહાની એવી શંકાઓ અજ્ઞાનતાને લીધે ઉપસ્થિત થઇ છે અથવા કમજોર અને ખામીવાળા ઇમાનને કારણે શંકાઓ ઉભી થઇ છે. જે પણ મેરાજ દરમિયાન હ.રસુલ સ.અ. એ સાંભળયુ અને જોયું જે પ્રવાસ સાત આસમાનોમાંથી પસાર થઇ અનુભવ્યો જેના વિષે મજલીસીએ જણાવ્યુ છે તેમની કિતાબમાં એમાં હ.અલી અ.સ. પણ હતા.

એજ મેરાજ ની રાતે અલાહતઆલા એ ફરમાવ્યુ કે આપણી પહેલા થયા નબીઓને કોના કારણે નબુવતનો મરતબો મળયો..? બધા જ અંબિયાઓએ કબુલ કર્યુ આપની નબુવત હ.અલી અ.સ. ની ઇમામત અને તમારા વંશમાં થયેલા ઇમામોના કારણે અમોને આ દરજ્જો મળયો. એક ગયબની આવાઝ આવી કે તમારી જમણી તરફ અર્ષ પર જુઓ. મેં હ.અલી અ.સ. હસન અ.સ. અને હુસૈન અ. સ. અને ઇમામ હુસૈન અ.સ.માંથી થયેલા નવ ઇમામોને નુરના દરિયામાં અલ્લાહ સુ.ત.ની ઇબાદત કરતા જોયા. પણ અલ્લાહ સુ.

ત.એ ફરમાવ્યુ આ મારી હુજ્જત ઇમામો અને દોસ્તો છે જેમા આખર હ.મેંહદી અ.ત.ફ.સ. મારા દુશ્મનોથી બદલો લેશે.

અલ્લાહ સુ.ત.ના રસુલ સ.અ. એ જાહેર કર્યુ કે મેરાજ દરમિયાન ફરિશતાઓએ હ.અલી અ.સ. વિષે પુછતાછ કરી જયારે હું ચોથા આસમાન પર પોંહચીયો. મેં મોતના ફરિશતાને જોયો જેણે કહ્યું હું અલ્લાહ સુ.ત.ના હુકમ પ્રમાણે પ્રત્યેક જાનદારની રૂહ કબ્ઝ કરૂ છું પણ આપના અને હ.અલી અ.સ.ના મામલામાં મને હુકમ છે કે હું તેમની રજા લઉં ત્યાર પછી રૂહ કબ્ઝ કરૂં . જયારે હું અર્ષ પર પોહચીયો ત્યારે ત્યાં મેં અલી અ.સ.ને જોયા મેં પુછયું અલી અ.સ. તમે મારી પહેલા અહિંયા કેમ..? જીબ્રીઇલે ફરમાવ્યુ કે આપ સ.અ. કોના થી વાત કરો છો...? કહ્યુ મારા ભાઇથી જીબ્રીઇલે ફરમાવ્યુ કે આ અલી અ.સ. નથી પણ એક ફરિશતો છે જેને અલી અ.સ.નો હમસકલ બનાવ્યો છે જે પણ ફરિશતાને હ.અલી અ.સ.ની ઝિયારત કરવાની તમન્ના થાય છે ત્યારે આ અલી અ.સ.ના હમસકલ ફરિશતાને જોવા આવે છે.

હ.ઇસા હ મુસા અને હ.ઇબ્રાહીમ પ્યંગંબરોએ આપથી હ.અલી અ.સ. વિષે પુછયું અને હ.મોહંમદ સ.અ. ને તેમના સ્થાને એક ઉચ્ચ દરજ્જાના આ શખ્શને ખલીફા બનાવ્વવા માટે મુબારકબાદ આપી એ જ રાતે જે પણ નુરના પરદા અને અર્ષના પ્રત્યેક સ્થાંભ પર મેં જોયુ કે તેમના પર લખેલું હતુ લા ઇલાહા ઇલ્લલાહ મોહંમદુન રસુલુલ્લાહ વ અલી ઇબ્ને અબુ તાલીબ અમીરૂલ મોઅમેનીન.....

**વધુ આવતા અંકે...**


# ROOHANI ILAAJ

Bagair kisi kisam ki fees, ujrat Wa Mutalabe Ke Duao Ke Zariye Ilaaj Kiya Jaata Hai, aaseb yaani Jin, Pari Wa rooho Ka Asar, Sahar Yaani Jaadu, Alvi, Sifli Nazrebat Arkunisa Yaani Langdi Ka Dard -Ummul Subhian, Masan Yaani Sukhe Ka Marz, Yarkhan Yaani Pilia Makaan Me Jin, Dev Pari Ka Hona, Hamal Na Rukna, Hamal Zaaya Hojana, Bacche Ka Paida Hokar Mar Jaana, Miya Biwi Me Ikhtelaf, Ghar Ke Taamam Afrat Me Ikhtelaf, Dushmano Ke Shar Se Mehfuz Hone Ke Liye, Shaadi Na Hona, Karobar Me Rukawate, Bimar Par Dawao Ka Asar Na Hona Wagaira Wagaira. In Tamam Amraaz Ke Hal Ke Liye Raabta Kayam Kare.

**Maulana Zilamujtaba Abidi, Naugawan Sadat Zilla Amroha**

Email.zmabidi@gmail.com Mobil : 7862892110/9319290860

# આપ કાઉન્સીલ ઓફ ગુજરાતને મદદરૂપ થવા ઈચ્છો છો

સમગ્ર ગુજરાતની આપણી બિરાદરીના ગરીબ, યતીમ અને બેવાઓના સર્વાંગી વિકાસ માટે ધી કાઉન્સીલ ઓફ ગુજરાત છેલ્લા ૧૬ વર્ષથી સતત સેવા બજાવી રહી છે. જેમાં એજ્યુકેશન, હાઉસીંગ, મેડીકલ અને સમાજ કલ્યાણના અનેક વિધ કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

**(૧) એજ્યુકેશન** : ગુજરાતના જરૂરતમંદ સાદાત અને બિન સાદાત વિધાર્થીઓને સેકેન્ડરી એજ્યુકેશન અને હાયર એજ્યુકેશન માટે આર્થિક સહાય અને લોન આપવામાં આવી રહી છે. આ યોજના હેઠળ વિદ્યાર્થીઓને સતત અને કાયમી રીતે સહાય મળી રહે તે માટે એજ્યુકેશન કોર્પસ ફંડનું આયોજન કરવામાં આવ્યું છે, જેમા

**કાયમી નિભાવ સ્કીમ :-** આ યોજના હેઠળ એક વિદ્યાર્થીને કાયમી શિક્ષણ સહાય મળી રહે તે માટે રૂા. **૨૫,૦૦૦/-** આપીને મદદરૂપ બની શકો છો.

**વાર્ષીક નિભાવ સ્કીમ :-** આ યોજના હેઠળ એક વિદ્યાર્થીને વર્ષીક શિક્ષણ સહાય મળી રહે તે માટે **રૂા. ૨,૫૦૦/-** આપીને મદદરૂપ બની શકો છો.

**ખાસ નોંધ : કાઉન્સીલ ઓફ ગુજરાત દ્વારા હાયર એજ્યુકેશ હેડે લોન લીધેલ વિધાર્થી તથા તેના વાલીઓને ખાસ વિનંતી કરવામાં આવે છે કે હાયર એજયુકેશન માટે લીધેલ લોનની રકમ પરત કરી આપે જેથી તે રકમ અપણાં સમાજનાં નવા વિદ્યાર્થીઓને ઉપયોગી બને. તો આ બાબતની નોંધ લઈ કાઉન્સીલ ઓફ ગુજરાતને આ માટે યોગ્ય પગલા ન ભરવા પડે માટે સાથ સહકાર આપવા ગુજારીશ છે અને અપીલ પણ કરવામાં આવે છે કે લોન ઉપરાંત શકય હોય તો પોતાનાં તરફથી પણ રકમ ફાળવી આપણી કૌમના બાળકોનાં ઉજવળ ભવિષ્ય માટે મદદરૂપ બનશો તે આપણી સામજીક તથા દીની ફરજ છે.** સંસ્થાની બીજા સેવાઓ જેમ કે

## મેડીકલ સહાય, સમૂહ શાદી અને ગરીબ બેવા સહાય

આપણી કૌમના સખીદાતાઓ પાસે આ દરેક નેક અને માનવતાના કાર્યો માટે ધી કાઉન્સીલ ઓફ ગુજરાત સાથ અને સહકારની અપેક્ષા રાખે છે.

એકાઉન્ટનું નામ :- **ધી કાઉન્સીલ ઓફ ગુજરાત ખોજા શીઆ ઈસ્નાઅશરી જમાત**

બેન્ક એકાઉન્ટ નંબર : **સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર-મહુવા,** એકાઉન્ટ નંબર ૦૧૧૦૦૦૫૦૪૫૬ (ઈન્ડીયામાંથી ફંડ મોકલવા માટે)

**સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર-મહુવા,** એકાઉન્ટ નંબર ૦૧૧૦૦૦૫૦૪૫૫ (ફોરેનથી ફંડ મોકલવા માટે)

**ધી કાઉન્સીલ ઓફ ગુજરાત ખોજા શીઆ ઈસ્નાઅશરી જમાત**

વહીવટી ઓફીસ પોસ્ટ બોક્ષ નં. ૩૩, કાઉન્સીલ હાઉસ, હુસૈની ચોક,
વ્હોરાવાડ, મહુવા-૩૬૪૨૯૦. (ગુજરાત-ઈન્ડીયા)
ફોન નં. : ૦૨૮૪૪ ૨૨૩૬૫૪, ફેક્સ નં. : ૦૨૮૪૪ ૨૨૩૩૩૨,
ઈ-મેઈલ: *gujcon1ad1@sancharnet.in*



# ધાર્મિકતાનું અજવાળુ આપનારો સુરજ અજલના વાદળાઓમા અલોપ થઇ ગયો...

-હાજી અલીઅકબર મહમદરઝાભાઇ શ્રોફ મુંબઇ

જીવનના સાચા-મુલ્યો આપણા સમગ્ર અસ્તિત્વમાં સમાયેલા હોય છે તેથી જયારે પણ આપણે જીવનમાં એવી કોઇ વ્યક્તિને જોઇએ કે તે જીવનના એકક્ષેત્રમાં મુનવ્વર અજવાળું પાથરે છે તો તે ખરેખર તેમણે જીવનના સાચા મુલ્યોને અપનાવી લીધા છે તેથી તેમનો આદર કરવો જોઇએ.

મરહુમ કાઝીમહુસૈન હાજી ગુલામઅબ્બાસભાઇ અમીરીએ પણ પોતાની હયાતીમાં સાચા મુલ્યોને અપનાવીને **રાહેનજાત-માસિક જેવા માધ્યમ થકી હિદાયતની રોશની પાથરી રહ્યા હતા. અજ્ઞાનતાના અંધારામાં ઇલ્મના ચિરાગો પ્રજવળી રહ્યા હતા**. પરંતુ અચાનક અનેકોના નફસોને આત્મીયતાનું/ધાર્મિકતાનુ અજવાળુ આપનારો સુરજ અજલના વાદળાઓમા અલોપ થઇ ગયો.

પારસ્પરીક અત્મીયતાના દોરથી બાધી રાખેલા અમુલ્ય નાતાને હું કેમેય કરીને વિસરીશ..દુઆ કરૂ છું કે મરહુમ કાઝીમહુસૈન હાજી ગુલામઅબ્બાસભાઇ અમીરી આલમે બરઝખમાં નુરાની શખ્શીયતોના નુરના ઉજાસમાં બકાની જીદગી ગુજારે.!!

## તસ્વીર મોકલનારાઓએ ધ્યાન આપવું

રાહેનજાત માસિકને મોકલવામાં આવતા રિર્પોટ સમાચાર, વગેરે ની સાથે ફોટો પણ મોકલવામાં આવે છે તેઓએ તેનો ખર્ચ પાસપોર્ટ સાઇઝના રૂ. ૧૦૦/- અને તેજ પ્રમાણે તેના ગુણ કાર પ્રમાણેની રકમ પણ સાથે મોકલે અને તસ્વીરની પાછળ તેને કઇ સાઇઝમાં પ્રકાશીત કરવું એ લખવું જે તસ્વીરની પાછળ કોઇ જાતનો ઉલ્લેખ કરવામાં નહી આવ્યો હશે તેને તેજ સાઇઝ પ્રમાણે સ્થાન આપીને તેનું બીલ મોકલનારને પઠવવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી છે. અને અઝાદારીની એક તસ્વીર કાર્યલયના ખર્ચે જગ્યાની અનુકુળતા પ્રમાણે લેવામાં આવશે.

# જામીયા આલીયા જાફરિયા પ્રગતિ ના પંથે
## નવા સહાષ સાથે
## આઈ.ટી.આઈ. (ટેકનીકલ કોલેજ) ની શરૂઆત

આની માટે કોલેજની ઈમારત ઉભી કરવાના કામથી લઈને દરેક સુવિધાઓ માટે અંદાજીત ખર્ચ રૂ. ૨૪ લાખું આવશે માટે આપ સેહમે ઈમામ તથા ડોનેશન તેમજ પોતાના મર્હુમોના ઈસાલે સવાબ માટે ૧ માકાન નું ખર્ચ પણ મોકલી આ સવાબે જારીયા ના કાર્ય માં ભાગ લઈ શકો છો. અમોને રકમ મોકલવી જરૂરી નથી જો કોઈ બંદેએ મોઅમીન પોતાની નીગરાણીમાં બંધકામ કરવી આપવા માગે તેઓ ને પણ અમારી નમ્ર અપીલ છે. આ કામ કોમ હિત માટે હોવાથી દરેક ઈસ્લામી બિરાદરો ને ખાસ અપીલ કરવામાં આવે છે, ફુલ નહી તો ફુલ ની પાખડી જેવો પણ સહકાર આપી સવાબ મેળવી શકો છો. તેમજ

## ઇસાલે સવાબ ફંડ

જામિઆ આલીયા જાફરીયામાં ઈલ્મે દીન મેળવવા માટે બોર્ડીંગમાં રહેતા વિદ્યાર્થીઓના ખાવા પીવાના ખર્ચમાં સહુલત થાય એટલા માટે રૂા. ૧૧૦૧/- મોકલી પોતાના મરહુમોને સવાબ પહોંચાડો.

જેઓ પોતાના મરહુમોની રૂહના સવાબ અર્થે ઉપર મુજબ રકમ મોકલશે, તેના મરહુમોની મરણ તીથીએ જામીઆ આલીયા જાફરીયામાં મજાલિસ કુરઆન ખાની ફાતેહાખાની થશે અને એ રીતે મરહુમની રૂહને સવાબ પહોંચાડાશે.

રકમ મોકલવા માટે ચેક અથવા ડ્રાફ્ટ ઉપર

**જામીયા આલીયા જાફરિયા** લખવું.

## જામીયા આલીયા જાફરિયા

પાસે ઈરાક અને ઈરાનના ઓલમાએ કિરામ પાસેથી લીધેલા સેહમે ઈમામ (અ.સ.) ના ઈજાઝાઓ છે. આપ સેહમે ઈમામ તેમજ સેહમે સાદાત તથા ડોનેશન મોકલીને મદદ કરી શકો છો.



સ્થાપક
મર્હુમ **સૈ. અમ્માર હૈદર આબદી નજફી**
જામિયા આલિયા જાફરિયા, નવગાવાં સાદાત, જી. જે.પી. નગર (યુ.પી.) ૨૪૪૨૫૧. ઈન્ડીયા. ફોન : (૦૫૯૨૨) ૨૨૩૨૯૦

પ્રિન્સીપલ
**મૌ. સૈ. ઝીલ્લે મુજતબા નજફી**
મોબઈલ : ૦૯૩૧૯૨૯૦૮૬૦

મેનેજર
**મૌ. સૈ. કૌકબ મુજતબા આબદી**
મોબઈલ : ૦૯૩૧૯૨૯૦૮૮૫

E-COPY GENERATE BY : PRIMO GRAPHICS (MUMBAI) +91-8097362110

# જન્નતુલ બકીઅનો ઈતિહાસ...

સંકલન : અમીરઅલી શમશીર

આમ ઈસ્લામી કિતાબોમાં છે કે મદીનએ મુનવ્વરામાં આવેલું આ એ પવીત્ર કબ્રસ્તાન છે જેમાં અવલાદે રસૂલ (સ.અ.વ.) અકરૂબાએ રસૂલ (સ.અ.વ.) દીનના ઈમામો તેમજ ઈલ્મના ઈમામો તથા પ્રત્યેક એ વર્ગ જે મુસલમાનોની દ્રષ્ટીએ એહતરામને લાયક છે અને જેમની અઝમત મુસલમાનોના હ્રદયપટ પર અંકિત છે તે અહીં દફન થયેલા છે.

કબ્રસ્તાન જન્નતુલ બકીઅની આબાદી હિ.સ. ૨ (બે)થી શરૂ થાય છે. સર્વ પ્રથમ જે બુઝુર્ગવારને રસૂલુલ્લાહે (સ.અ.વ.) દફન કર્યા તે હઝરત ઉસ્માન બીન મઝઊન હતા. જેઓ આપ (સ.અ.વ.)ના દુધભાઈ હતા અને મોહાજેરીનમાંથી હતા તેમજ જંગે બદ્રમાં ભાગ લેનારામાંથી હતા. તેમને રસૂલે ખુદા (સ.અ.વ.)એ પોતે જ આ સ્થળે દફન કર્યા હતા જેમકે શમશુદીન ઈબ્ને અસીર કિતાબ અસદુલ ગાબામાં લખે છે કે મોહાજેરીનમાંથી આ પ્રથમ બુઝુર્ગ છે જેઓ મદીનામાં વફાત પામ્યા. આપનો ઈન્તેકાલ હિ.સ. ૨ માં થયો અને તેઓ બકીઅમાં દફન થનાર પહેલા શખ્સ હતા.

રસૂલે ખુદા (સ.અ.વ.)મે આ કબર પર નિશાનીરૂપે પત્થર રાખ્યો અને આપ ત્યાં ઝિયારત માટે પણ આવતા હતા. જેમકે સૈયદ નુરૂદ્દીન શાફેઈ કિતાબ વફાઉલ વફામાં લખે છે. આપે ફરમાવેલ છે કે 'આ પત્થર એટલા માટે રાખું છું કે મારા ભાઈની કબરની નિશાની રહે. એટલા માટે કે મારા એહલેબયત (અ.મુ.સ.)માંથી જે જે કોઈનો ઈન્તેકાલ થાય તેમને એમના પાસે દફન કરૂં.'

બીજી કબર જે જન્નતુલ બકીઅ કબ્રસ્તાનમાં બની તે આપ (સ.અ.વ.)ના ફરઝંદ જનાબે ઈબ્રાહીમની હતી જેમના માટે ઈબ્ને અસાકર, ઈમામે અહમદ, ઈમામ ઈબ્ને માજાનું કથન છે કે તેઓ અગર જીવંત રહેતે તો સીદ્દીક અને નબી હોતે. આપ (સ.અ.વ.)મે તેમને દફન કર્યા જે બાબત કિતાબ અબ્દુલ ગાબામાં લખેલું છે કે ફઝલ બીન અબ્બાસે હઝરત ઈબ્રાહીમને ગુસલ

With Best Compliments From : **WELL WISHER**

આપ્યું અને તેમને ફઝલ તથા ઓસામાં બીન ઝેદે કબરમાં ઉતાર્યા, હ. રસુલ સલ. કબરની પાસે બેઠા. હઝરત ઝુબેરનું કથન છે કે 'અલ્લાહના નબી (સ.અ.વ.)મે આ કબર પર પાણી છાંટયું અને આ પહેલી કબર છે જેના ઉપર પાણી છાંટવામાં આવ્યું.'

ઉમ્મહાતુલ મોઅમેનીન અઝવાજે રસૂલ (સ.અ.વ.)ની કબરો પણ આ જ જન્નતુલ બકીઅ કબ્રસ્તાનમાં હતી. ઉમ્મુલ મોઅમેનીન જ. આયશા એ પોતાના આખરી સમયે વસીયત કરી હતી કે મને પણ મારી બહેનો (અઝવાજે રસૂલ સ.અ.વ.)ની બાજુમાં દફન કરવામાં આવે. આ વસીયત મુજબ જનાબે આઈશાને પણ ત્યાં દફન કરવામાં આવ્યા.

રસૂલે ખુદા (સ.અ.વ.)ના પીત્રાઇ ભાઇ હઝરત અકીલ બીન અબુ તાલીબની કબર પણ જન્નતુલ બકીઅમાં હતી. તેમના મઝાર સંબંધે શેખ અબ્દુલ હક્ક દહેલવી કિતાબ જઝબુલ કોલુબમાં લખે છે કે 'તેમની કબર નજીક દુઆ કબૂલ થવાનો અસર દેખાયો.'

આપના કાકા હઝરત અબ્બાસ બિન અબ્દુલ મુત્તલીબ પણ અહીં જ દફન છે. તેમની અઝમત માટે એટલું પુરતું છે કે જ્યારે દુકાળ પડતો ત્યારે લોકો તેમનો વાસતો આપી અલ્લાહથી દુઆ કરતા અને પુષ્કળ વરસાદ વરસતો.
પયગમ્બરે ઈસ્લામ (સ.અ.વ.)ની ફોઈઓ (૧) હ. અતીકહ (૨) હ. સફીયાહ (૩) હ. ફાતેમા (૪) ઝુબેર ઈબ્તુલ અવ્વલા અને (૫) હુઝુર પુરનુર (સ.અ.વ.)ના મોટીમાં દફન છે.

જન્નતુલ બકીઅમાં જે મહાન સહાબા દફન થયા છે તેઓમાંથી કેટલાકના પવિત્ર નામો નીચે મુજબ છે.

(૧) હ. ઉસ્માન (૨) હ. અબુ સઈદ ખુદરી (૩) હ. સઅદ ઈબ્ને મઆઝ (૪) હ. ફાતેમા બિન્તે અસદ (હઝરત અલી(અ.સ.)ના માતાજી) (૫) હ. હલીમા સાદીઆ હ. રસૂલે ખુદા (સ.અ.વ.)ના દાઈ (૬) શોહદા એક વિશાળ જગ્યામાં અનેક શહીદોની આરામગાહ (૭) હ. ઈબ્રાહીમ ઈબ્ને રસૂલુલ્લાહ (સ.અ.વ.) (૮) હ. નાફેઅ શેખુલ કુર્રાહ (૯) હ. અકીલ ઈબ્ને અબી તાલિબ (હઝરત અલી (અ.સ.)ના ભાઈ) (૧૦) હ. ઉસ્માન બીન મઝઉન (૧૧) ખુનેસ બીન કઝાફા (૧૨) અસ્સહમા અસદ બીન નઝઝારા (૧૩) સુફયાન બીન હારિસ (૧૪) હ.

E-COPY GENERATE BY : PRIMO GRAPHICS (MUMBAI) +91-8097362110

અબ્દુલ્લાહ ઈબ્ને જઅફરે તય્યાર (હઝરત અલી (અ.સ.)ના ભત્રીજા) (૧૫) હ. અબ્દુર રેહમાન બીન અવફ (૧૬) હ. અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ (૧૭) હ. યુનુસ બીન હોઝયફા (૧૮) હ. સુફયાન ઈબ્નુલ અહીંસા.

ઉમ્મહાતુલ મોઅમેનીન.

(૧) હ. સવદાહ (૨) હ. આઈશા (૩) હ. હફસાહ (૪) હ. ઝયનબ બિન્તે ખુઝયમા (૫) હ. ઝયનબ બિન્તે ઝહરા (૬) હ. ઉમ્મે સલમા (૭) હ. જુવિરીયાહ (૮) હ. ઉમ્મે હબીબા (૯) હ. સઈય્યાહ.

હઝરત અબ્બાસ (પયગમ્બરે ઈસ્લામ (સ.અ.વ.)ના કાકા) (૨) હઝરત ઈમામ હસન (અ.સ.) (૩) ઈમામે ઝયનુલ આબેદીન (અ.સ.) (૪) ઈમામે મોહંમદ બાકર (અ.સ.) (૫) ઈમામે જઅફરે સાદિક (અ.સ.) (૬) જનાબે ફાતેમા બિન્તે રસૂલુલ્લાહ (સ.અ.વ.) જ. ફાતેમા ઝેહરા (સલા.). જેઓ તમામ મુસલમાનોની નઝરે અત્યંત માન ભર્યુ સ્થાન ધરાવે છે.

મિશ્કાત શરીફમાં ઉમ્મુલ મોઅમેનીન જ. આઈશાનું વૃતાંત છે:

'મેં કોઈને પણ જનાબે ફાતેમા ઝેહરા (સલા.)થી વધારે રસૂલ (સ.અ.વ.)ની સુરત તેમજ સીરતમાં મળતાવાળા જોયા નથી. જ્યારે પણ જનાબે ફાતેમા ઝેહરા(સલા.) આં હઝરત (સ.અ.વ.) પાસે આવતા તો હુઝુર ઊભા થઈ જતા અને તેમના હાથો ચુમતા હતા અને પોતાની જગા પર બેસાડતા હતા.'

આ સિવાય કસ્તલાનીએ કિતાબ શરહે સહીહ બુખારીમાં આ રીવાયત લખી છે કે તેઓ(જનાબે ફાતેમા સલા.) આ ઉમ્મતની ઓરતોનાં સરદાર છે.

ઈમામે હસન (અ.સ.)

જેઓ રસૂલે ખુદા (સ.અ.વ.)ના નવાસા હતા અને આપની મશ્હુર હદીસ અને કિતાબોમાં છે કે 'હસન અને હુસેન(અ.મુ.સ.) જન્નતના જવાનોના સરદાર છે.'

ઈમામે ઝયનુલ આબેદીન (અ.સ.)

જેમના માટે ખ્વાજા પારસા કિતાબ ફસ્લુલ ખિતાબમાં લખે છે: ઝોહરી કહે છે કે મેં કુરેશમાંથી કોઈને પણ હઝરત અલી ઈબ્નુલ હુસેન(અ.સ.)થી અફઝલ નથી જોયા અને સઈદ બીન મોસય્યબ રીવાયત કરે છે કે તેઓ રાત અને દિવસમાં હઝાર રકાત નમાઝ પઢતા હતા ત્યાં સુધી કે તેઓ વફાત પામ્યા અને બહુ જ

ઈબાદત કરવાથી આપનો લકબ 'ઝયનુલ આબેદીન' થયો.

ઈમામે મોહમ્મદ બાકીર (અ.સ.)

અલ્લામા ઈબ્ને હજર કિતાબ સવાએકે મોહર્રેકામાં લખે છે કે હઝરત જાબીર ઈબ્ને અબ્દુલ્લાહનું વૃતાંત છે કે રસૂલે ખુદા (સ.અ.વ.) સામે બેસેલા ઈમામે હુસેન (અ.સ.)ને બતાવી કહ્યું કે: 'અય જાબીર! આ હુસેનના ફરઝંદ અલી ઝયનુલ આબેદીન થશે. અને તેમના ફરઝંદ મોહંમદ બાકીર થશે જ્યારે તમો તેને મળો ત્યારે તેમને મારા સલામ પહોંચાડજો.'

ઈમામે જઅફર સાદિક (અ.સ.)

જેમના માટે ઉમર ઈબ્ને મીકદાદનો કોલ કિતાબ રવાએદુલ મુસ્તફામાં છે: 'જ્યારે મેં જઅફર ઈબ્ને મોહમ્મદ તરફ નઝર કરી તો મને લાગ્યું કે યકીનન તેઓ નબીઓના વંશ જ છે.'

આ ઉપરાંત દીનની અનેક બુઝુર્ગ હસ્તીઓના મઝાર આજ જન્નતુલ બકીઅના કબ્રસ્તાનમાં હતા.

ઈ.સ. ૧૯૨૬માં આઠમી શવ્વાલ હિ.સ. ૧૩૪૪માં ગમનાક દીવસે મદીના મુનવ્વરામાં આવેલા આ કબ્રસ્તાન જન્નતુલ બકીઅમાં વાલીએ હિજાઝ શાહ સઊદના હુકમથી એ પવીત્ર અને માન લાયક મઝારોને જમીનદોસ્ત કરી નાખવામાં આવ્યા. જેમાં હુઝુરે પાક (સ.અ.વ.)ની પ્યારી પુત્રી જનાબે ફાતેમા ઝહેરા (સલા.) તેમજ ઉમ્મહાતુલ મોઅમેનીન, અઝવાજે રસૂલ (સ.અ.વ.), અહલેબયતે રસૂલ (સ.અ.વ.), હઝરત ઉસમાન, હુઝુર (સ.અ.વ.)ના કાકા હઝરત અબ્બાસ બિન અબ્દુલ મુત્તલીબ તેમજ જંગે બદર તથા ઓહદના શહીદો અને ઈમામે માલિકની આરામગાહનો સમાવેશ થાય છે. હુઝુરે પાક (સ.અ.વ.)ના અમલ તેમજ સહાબાએ કિરામના વર્તનમાં કબરોના એહતેરામને લગતા અનેક પ્રમાણો મળી આવે છે.

અહલે સુન્નતની કીતાબોમાં માન્ય ઐતિહાસીક સત્ય ઘટના છે કે હુઝુર પુરનુર (સ.અ.વ.)ને ઉમ્મુલ મોઅમેનીન જનાબે આઈશાના હુજરામાં દફન કરવામાંઆવ્યા હતા. એ પ્રસંગે ખુલફાએ રાશેદીન, સર્વે ઉમ્મહાતુલ મોઅમેનીન અઝવાજે રસુલ (સ.અ.વ.) એહલેબયતે રસુલ(સ.અ.વ.) અને સહાબાએ કીરામ મૌજુદ હતા પરંતુ તેમાંથી કોઈએ કયારે પણ એ બાબત પ્રત્યે કશો વિરોધ પ્રદર્શીત કર્યો નહિં.

E-COPY GENERATE BY : PRIMO GRAPHICS (MUMBAI) +91-8097362110

અત્રે એક પ્રશ્ન એ ઉપસ્થિત કરી શકાય છે કે હુઝુર પુરનુર (સ.અ.વ.)ની મુબારક કબર પર છત હતી કે તે જગ્યાએ હુજરાનું સહન હતું. આ બાબતનો ખુલાસો નીચેના પ્રસંગ પરથી મળી આવે છે. અલી ઈબ્ને બુરહાનુદ્દીન શાફેઈ મોહદિસ કિતાબ ઈન્સાનુલ ઓયુનમાં લખે છે કેઃ

'એક વેળા મદીનામાં સખત દુકાળ પડયો. જેનાથી મદીનાના રહેવાસીઓ ખુબ પરેશાન થઈ ગયા. ઉમ્મુલ મોઅમેનીન જનાબે આયેશાએ ફરમાવ્યું કે હુઝુર પુરનુર (સ.અ.વ.)ની કબર પર છત છે તેમાં એ રીતે કાણું પાડો કે આસમાન અને કબરની વચ્ચમાં કોઈ આડ ન રહેવા પામે. જ્યારે આ મુજબ અમલ કરવામાં આવ્યો તો તે દિવસે એટલો વરસાદ થયો કે મદીનાવાસીઓ સયરાબ થઈ ગયા અને ખેતીવાડી લીલીછમ બની ગઈ.'

સહાબાએ કીરામના સમય બાદ તાબેઈનનો દૌર ગણવામાં આવે છે. તેઓ પણ હુઝુર પુરનુર (સ.અ.વ.)ની કબર પરની ઈમારતને મુબારક ગણતા હતા. કેમકે તેમાં જરા પણ ભંગાણ પડતાં તેઓ પરેશાન થઈ ગયા હતા અને તેને ફરી સમારાવી હતી.

જન્નતુલ બકીઅ કબ્રસ્તાનનું મહત્વ હુઝુરે પુરનુર(સ.અ.વ.)ના વર્તન તેમજ વચનથી ઝાહીર થાય છે. જેમકે કિતાબ રવઝતુલ એહબાબમાં લખેલું છે કે બીબી આઈશા બયાન કરે છે કે રાત્રે અચાનક તેમની આંખ ઉઘડી, જોયું તો નબીએ કરીમ (સ.અ.વ.) બહાર જઈ રહ્યા છે. પુછ્યુંઃ 'ક્યાં પધારો છો?' ફરમાવ્યુંઃ 'અલ્લાહનો હુકમ થયો છે. બકીઅમાં દફન થયેલાઓ માટે દુઆ માંગવા જઈ રહ્યો છું.' ઉમ્મુલ મોઅમેનીન એક બીજા પ્રસંગે ફરમાવે છેઃ 'હું શોધમાં નીકળી, તો આં હઝરત બકીઅમાં છે અને કબરોને ઉદ્દેશી ફરમાવી રહ્યા છે કેઃ

'મોઅમેનીનની આરામગાહો! મારા સલામ તમારી ઉપર. લહેદના ખુણામાં સુઈ રહેલાઓ! તમે આ સમયે અમારાથી જુદા થયા પરંતુ અમે ઘણાં જ વહેલા તમને મળનાર છીએ. પરવરદીગાર! તું એમના સવાબોથી અમને વંચિત ન રાખજે. પાલનહાર! બકીઅમાં દફન થનારાઓ પર રહેમત નાઝીલ કર.'

**જરૂરી સુચના**

રાહેનજાત માસિકમાં ની પ્રકાશીત સામગ્રી બીજે પ્રસિદ્ધ કરવા પહેલા કાર્યાલયની લેખીત પરવાનગી લેવી જરૂરી છે સુચના નું ઉલ્લંઘન કરનાર પર કાયદેસરની કાર્યવાહિ કરવામાં આવશે.

**અબ્બાસી મીશન ટ્રસ્ટ મહુવામાં નીચે મુજબ બે અધતન સગવડવાળી તાલીમી સંસ્થાઓ ચાલી રહી છે.**

## બાળકો માટે શીઆ ઇસ્નાઅશરી બોઇઝ હોસ્ટેલ

**ફોન ૦૨૮૪૪-૨૨૨૨૭૦**

## બાળાઓ માટે ઝયનબીયહ ગર્લ્સ હોસ્ટેલ

**ફોન ૦૨૮૪૪-૨૨૨૫૮૨**

ઉપરોક્ત સંસ્થાઓમાં બાળકો માટે દુન્યવી-દીની શિક્ષણ આપવાની વ્યવસ્થા છે. તેમજ યતીમો તથા જરૂરતમંદોને લેવામાં આવે છે. અને બધી સગવડતાઓ ફ્રી આપવામાં આવે છે. કોમની આ અતિ ઉપયોગી સંસ્થાને મદદરૂપ થવું દરેકની ફરઝ છે. કાયમી નિભાવ ફંડ માટેની રકમ દાતાને નામે હંમેશા જમા રહેશે. બાળક યા બાળા તેમનો અભ્યાસ પુરો કરી અને બોર્ડીંગ છોડે ત્યારે બીજા નવા દાખલ થેયલ બાળક યા બાળાનો નિભાવ પણ દાતાના ઉપરોક્ત કાયમી ફંડથીજ થશે. આમ કાયમી નિભાવ ફંડ સ્કીમથી હજારો યતીમો અને જરૂરતમંદોને લાભ મળશે.

**અમારા ટ્રસ્ટ સંચાલીત બોયઝ હોસ્ટેલ માં ૫૦% ઉપર બાળકો ગરીબ સાદાત ના રહેતા હોય અમો સેહમે સાદાત ની રકમ સ્વિકારીએ છીએ.**

**૧ બાળા યા બાળકના કાયમી નિભાવ માટે રૂા. ૨૫,૦૦૦/-**

**૧ બાળા યા બાળકના ૧ વર્ષના નિભાવ માટે રૂા. ૧૦,૦૦૦/-**

**ફાતેહાખાની સ્કિમ તથા ખુશાલી જમણ સ્કિમ :** આપના મર્હુમ સગાની મરણતિથી નિમિતે દર વર્ષે બાળા/બાળકો ને જમણ આપી ફાતેહો બક્ષાવી મર્હુમની યાદ તાજી રાખવા માંગતી વ્યકિત ફકત એક વાર રૂા. ૨૦૦૦/- ડોનેશન આપી આ યોજનાનો લાભ લઇ શકે છે. આજ રીતે મઅસુમીન અ.સ. ની વિલાદત તારીખે અથવા પોતાના કે રીશ્તેદાર ના જન્મદિવસે દર વર્ષે બાળકોને જમણ આપી ને ખુશાલી વ્યકત ઇચ્છતી રૂા. ૨૦૦૦/- ડોનેશન આપી આ યોજના નો સભ્યો બની શકે છે.

ઉપરોકત દાન ની રકમ ચેક અથવા ડ્રાફટ થી **"અબ્બાસી મીશન ટ્રસ્ટ-મહુવા જી. ભાવનગર"** ના નામે મોકલવા વિનંતી.

**કોર બેંકીંગ સેવા**થી આપનું ડોનેશન ડાયરેકટ અમારા બેંક ના ખાતામાં જમા કરાવી શકો છો-

**બેંક નું નામ :**

યુનિયન બેંક ઓફ ઇન્ડીયા : IFSC CODE : UBI0531383 A/c. No. 313802010003532
અબ્બાસી મીશન ટ્રસ્ટ

યુનિયન બેંક ઓફ ઇન્ડીયા : IFSC CODE : UBI0531383 A/c. No. 313802010003531
અબ્બાસી એજયુકેશન ટ્રસ્ટ


સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા : IFSC CODE : SBIN0060012 A/c. No. 56012007292
અબ્બાસી મીશન ટ્રસ્ટ

સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા : IFSC CODE : SBIN0060012 A/c. No. 56012007270
અબ્બાસી એજયુકેશન ટ્રસ્ટ

**અબ્બાસી મીશન ટ્રસ્ટ - મહુવા - પીનકોડ ૩૬૪ ૨૯૦**

પો. બો. નં. ૪, મહુવા (સૌરાષ્ટ્ર), રજી. નં. બી-૨૫૮

**નોંધ : અઅલમે વક્ત આયતુલ્લાહિલ ઉઝમા આકાએ સૈયદઅલી શીસ્તાની સાહેબ તરફથી ખુમ્સના સહમે ઇમામની રકમ મેળવવાનો ઇજાઝો (રજા) સંસ્થાને મળેલ છે. અબ્બાસી મીશન ટ્રસ્ટ હસ્તક ચાલતા સંસ્થામાં ખર્ચ કરવાની રજા આપી છે.**




# કુરઆન ની રોશની

પ્રસ્તુતકર્તા : **મહંમદ હુસેન જે. મર્ચન્ટ**

ગતા આંકથી ચાલું

## સુરએ તા-હા

૩૫-મી આયાત : નિ:સંશય તું અમારી સ્થિતિને સારી રીતે જોનાર છે.

૩૬-મી આયાત : ફરમાવ્યુ અય મુસા ! તારી સઘળી માંગણીઓ કબુલ થઇ ગઇ.

૩૭-મી આયાત : અને ખરેજ એક બીજા સમયે પણ અમોએ તારા ઉપર ઉપકાર કર્યો હતો.

૩૮-મી આયાત : જે વેળા અમોએ તારી તરફ ઘટતી વહી કરી

૩૯-મી આયાત : અને કહ્યું કે તે બાળક મુસા ને એક પેટીમાં મુક અને તે પેટીને સમદરમાં નાખી દે સમંદર તેને કાંઠે નાખી દેશે અને ત્યાંથી મારો ત્થા તેનો શત્રું તેને ઉચકી લેશે અને મેં મારા તરફથી તારા ઉપર મારા પ્રેમનું પ્રતિબિંબ નાખ્યું અને એ માટે કે તું મારી દેખરેખ હેઠળ પોષાય.

તું અમારી સ્થિતિથી સારી રીતે જાણકાર છે અને જે કામમાં અમારી ભલાઇ છે તેનાથી તું સારી રીતે જાણકાર છે તું હારૂનને મારો મદદગાર બનાવ અમો તારી તસ્બીહ અને ઝિકર કરીએ મારો ભાઇ મારા કરતા વયમાં મોટો છે અને તે છટાદાર બોલી જાણે છે ખુદાએ આપની દુઆ કબુલ ફરમાવી અને કહ્યુ કે અય મુસા તે જે માંગ્યું તે અમે આપ્યું હ,રસુલે ખુદા સ.અ. એ હ.અલી અ.સ.ને માટે દુઆ કરી હતી કે ખુદાવંદા ! તું અલી અ.સ.ને મારો વઝીર બનાવ અને મારી કમર મજબુત કર.

ખુદા તઆલાએ હવે પોતાના એહસાનને બતાવે છે કે મુસા અમોએ બીજા સમયે પણ તારા ઉપર એહેસાન કર્યો હતો.

અને જે વખતે અમોએ તમારી માં તરફ વહી કરી **આ સ્થળે વહી થી મુરાદ ઇલ્હામ દીલમાં પ્રેરણા થવી છે** પછી કહ્યુ કે અય મુસા ! ફિરઓન જયારે બાળકોને કતલ કરાવી નાખતો હતો એવા સમયે તારો જન્મ થયો તેથી તારી માં હૈરાન હતી કે હવે હું શું કરૂં ? તે વખતે અમોએ તારી માં તરફ વહી કરી.

ફિરઓન જે બાળકોને કતલ કરતો હતો તેનું કારણ એ હતુ એ તેણે સ્વપ્નું જોયુ હતુ કે એક ભયાનક આગે તેના મકાનની આસપાસ આવી તેને બાળી નાખ્યો. આ સ્વપ્નની નજુમીએ તાબિર આપી કે બની ઇસરાઇલમાં એક બાળક પયદા થશે જે તારા મોતનું કારણ બનશે.

તેથી ફિરઓને હુકમ આપ્યો કે કોઇપણ છોકરો પયદા થાય તો તેને મારી નાખવો. માત્ર છોકરીઓને જીવતી રહેવા દેવી. આ હુકમની પહેલા હ. હારૂન અ.સ. પયદા થઇ ચુકયા હતા. અને જયારે તેણે કતલનો હુકમ આપ્યો તે વરસે હ.મુસા અ.સ. નો જન્મ થયો. જયારે આપ પયદા થયા તો આપની માંતા વિચારમાં પડી ગયા કે આ બાળકને કેવી રીતે છુપાવવું તેથી ખુદાનો હુકમ થયો કે બાળકને એક પેટીમાં બંધ કરી નદીમાં નાખીદે.

કહે છે કે હ.મુસા અ.સ.ની માતાએ તેમને પેટીમાં બંધ કરીને પેટીને પાણીમાં વહેતી મુકી દીધી પછી એ પેટી વહેતી વહેતી ફિરઓનના મકાન પાસે આવી આ પેટી ઉપર આસીયા અને ફિરઓનની નજર પડી.

